# રાહુલ સામે આગામી દિવસોમાં કપરા પડકારો

લંડન, તા. ૨૧

જો સત્તા ઝેર છે જે રાહુલ ગાંધીએ ચિંતન શિબિરમાં કહ્યું હતું તો આગામી વર્ષમાં તેમણે આ ઝેરના ઉપાય શોધવા પડશે. તેમણે એ દર્શાવવું પડશે કે તે આ ઝેરને પીશે જરૂર પરંતુ ભગવાન શંકર (નીલકંઠ)ની જેમ તેને ગળાની નીચે ઉતરવા દેશે નહીં. પરંતુ રણનીતિમાં ડગમગતા કદમ ઉઠાવી રહેલા ગાંધી નેહરુ પરિવારના આ ઉત્તરાધિકારી માટે આ સરળ નહીં હોય. ખુદ રાહુલ ગાંધીના જણાવ્યા મુજબ સત્તાના આ ઝેર પ્રતિ તેને તેમની માતાજી સોનિયા ગાંધીએ સાવચેત કર્યા હતા. અને આવું કરતા સોનિયા રડી પડ્યા હતા.

રાહુલના આ નિવેદનથી ચિંતન શિબિરમાં હાજર રહેલા ઘણા કોંગ્રેસી નેતાઓની આંખો ભીની થઈ ગઈ હતી. પરંતુ આખરે તેમની માતાજી રડી પડ્યા હતા. તે ઘટના જાહેર કરીને રાહુલ કહેવા શું ઈચ્છતા હતા.

વાસ્તવમાં સત્તા વિશે તેમનું આ નિવેદન સીધે સીધું તે શહેરી અને યુવા મધ્યમવર્ગ માટે હતું જે સત્તાના રાજકારણથી ત્રાસી ગયો છે. આ તે શહેરી મધ્યમવર્ગ છે. જે દિલ્હી ગેંગ રેપની ઘટના બાદ રાજપથ પર ઉતરી આવ્યો હતો. રાહુલ ગાંધી સત્તાને ઝેર ગણાવીને આ ઉગ્ર યુવા પેઢીને એવું બતાવવાનો પ્રયત્ન કર્યો છે કે સત્તામાં રહેવા છતાં તે વાસ્તવમાં યુવા વર્ગ સાથે રહેશે.

વાસ્તવમાં આ વર્ષ ૨૦૧૪ની લોકસભા ચૂંટણીની તૈયારી છે. રાહુલ ગાંધી અને કોંગ્રેસના મેનેજરોને ખબર છે કે છૂટક વેપારમાં બહુરાષ્ટ્રીય કંપનીઓને સીધા નાણા રોકવાની મંજૂરી આપવાથી કે સ્પેશિયલ ઈકોનોમિક ઝોન બનાવવાની નીતિથી ચૂંટણી જીતી શકાશે નહીં. ભારતમાં ચૂંટણી હજુ પણ ગરીબ સમર્થકની છબિથી જ જીતી શકાશે. કોંગ્રેસ પાર્ટીના ઉપાધ્યક્ષ તરીકે રાહુલ ગાંધી સામેના પાંચ પડકાર આ મુજબ છે.



(૧) નરેન્દ્ર મોદીની આગેકૂચ..

રાહુલ ગાંધી સામે આગામી દિવસમાં ઘણા પડકારો આવશે. જે રીતે ગુજરાતમાં ત્રીજી વાર નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતીય જનતા પક્ષે વિધાનસભા ચૂંટણી જીતી છે તેનાથી દિલ્હીના તખ્ત પર મોદીનો દાવો વધુ મજબૂત થયો છે.

વિશ્લેષકો માને છે કે હવે આગામી લોકસભા ચૂંટણી રાહુલ ગાંધી અને નરેન્દ્ર મોદી વચ્ચે લડાશે. મોદીના પડકારનો સામનો કરવા માટે રાહુલ ગાંધીના પાર્ટી મેનેજર ધર્મનિરપેક્ષ અને પ્રગતિશીલ પાર્ટીઓના મહાગઠબંધન વિશે ગંભીરતાથી વિચારી રહ્યા છે. આમાં ડાબેરી પક્ષોની ભૂમિકા વિશે પણ વિચારણા થઈ રહી છે. કોંગ્રેસમાં એક જૂથ એવું માને છે કે ડાબેરીઓ સાથે કોઈને કોઈ સ્તરે રાજનીતિક સમજુતી કરવી પડશે. ચાહે જાહેરમાં કોઈ ગઠબંધન બને કે ન બને.

(૨) ગરીબો અને દલિતોના પ્રશ્નો :

વધતી મોંઘવારી, પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો અને વિદેશી કંપનીઓને છૂટક વેપારમાં સીધા મૂડી રોકાણની મંજૂરી જેવા કેટલાક એવા મુદ્દા છે. જેને કારણે મનમોહનસિંહની સરકાર મોટા ઉદ્યોગપતિઓની તરફેણ કરતી હોવાનું લોકો અનુભવી રહ્યા છે.

આથી આગામી એક વર્ષમાં પક્ષની આ તસવીર બદલવાના પ્રયત્નો થશે. આ બાબતે કેટલાક ખાસ પગલા લેવાઈ શકે છે. જેમાં શિલ્પકારોને મહાત્મા ગાંધી રાષ્ટ્રીય રોજગાર યોજનામાં સામેલ કરવા, મનરેગાને શહેરી બેરોજગારો સુધી પહોંચાડવી, રોજગારના અધિકારને મૂળભૂત બંધારણીય અધિકારોમાં સમાવવો અને નકસલવાદ પ્રભાવિત વિસ્તારોમાં આદિવાસીઓની સંસ્થાઓ બોલવા વગેરેનો સમાવેશ થાય છે.

(૩) હિન્દી વિસ્તારોમાં કોંગ્રેસને મજબૂત બનાવવી :

ઉત્તરપ્રદેશ વિધાનસભા ચૂંટણી પહેલા રાહુલ ગાંધીએ દલિતોના ઘેર જઈ જમવું અને રાત્રિ રોકાણ કરવું તથા તેની જમીન માટે લડી રહેલા ભટ્ટા-પારસૌલન, કિસાનો સાથે હોવાનું જાહેર કર્યું હતું. પરંતુ તેમની ભારે જહેમત છતાં કોંગ્રેસને ચૂંટણીમાં ખાસ ફાયદો થયો ન હતો. આથી એ જોવાનું ખૂબ મહત્વપૂર્ણ બનશે કે કોંગ્રેસ સમાજવાદી પક્ષે અને બહુજન સમાજ પક્ષ સાથે ચૂંટણી જોડાણ જાળવી રાખવામાં સફળ રહે છે કેમ ?

(૪) શહેરી યુવાનો પર નજર : દિલ્હીમાં યુવતી પર સામૂહિક બળાત્કાર અને તેનો શિકાર બનેલી યુવતીના મૃત્યુ બાદ જે રીતે ૧૮ થી ૨૪ વર્ષના ક્રોધિત યુવા યુવતીઓએ ઈન્ડિયા ગેટ પર ઉગ્ર દેખાવો કર્યા તેનાથી કોંગ્રેસની ઊંઘ હરામ થઈ ગઈ હતી.

ચિંતન શિબિરમાં આનો પડઘો પડ્યો હતો. અને કોંગ્રેસીઓએ મહેસૂસ કર્યું હતું કે, શિક્ષિત યુવાનોમાં વર્તમાન રાજકારણ પ્રત્યે રોષ છે. તેઓને લાગે છે કે સત્તાને કેટલાક નેતાઓએ તેની જાગીરદારી સમજી લીધી છે.

(૫) નવા નેતા... નવો નારો... : કોંગ્રેસને આગામી લોકસભા ચૂંટણીના જંગમાં ઉતરવા એક નવા નારાની તલાશ છે. શરત એ છે કે નવો નારો પહેલાના નારાથી અલગ હોય અને રાહુલને પ્રોજેક્ટ કરનારો હોય.

ઈન્દિરા ગાંધીએ ગરીબી હટાવો નું સૂત્ર આપ્યું હતું. રાજીવ ગાધીએ ભારતને ૨૧મી સદીમાં લઈ જવાની વાત કરી હતી. સોનિયા ગાંધીને કોંગ્રેસનો હાથ આમ આદમીને સાથ કહ્યું હતું તો હવે રાહુલનું લક્ષ્ય છે નવી પેઢી એવી પેઢી જે રોષિત છે. મહત્વાકાંક્ષી છે જેણે દબાવવાનું શીખ્યું નથી. આ નવા સૂત્ર માટે કોંગ્રેસની અંદર મંથન ચાલી રહ્યું છે.

## અંકુશરેખા ઉપર સ્થિતિ હવે વધુ સારી : સલમાન ખુરશીદ

નવી દિલ્હી, તા. ૨૧

વિદેશમંત્રી સલમાન ખુરશીદે આજે દાવો કર્યો હતો કે એલઓસી ઉપર સ્થિતિમાં ઉલ્લેખનીય સુધારો થયો છે છતાં ભારતીય સુરક્ષા જવાનો પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી રહ્યા છે. સલમાન ખુરશીદે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતુ કે બે ભારતીય જવાનોની ઘાતકી હત્યા કરવામાં આવ્યા બાદ સંબંધોમાં તિરાડ પડી હતી અને વિસ્ફોટક સ્થિતિ ઉભી થઈ હતી પરંતુ હવે અંકુશરેખા પર સ્થિતિ વધુ સારી દેખાઈ રહી છે. પાકિસ્તાન યુદ્ધવિરામને પાળીને સંબંધ સુધારવાની દિશામાં આગળ વધી શકે છે. તેમણે ઉમેર્યુ હતુ કે પાકિસ્તાન સાથે ભારત સંબંધો સામાન્ય બનાવવા ઈચ્છે છે પરંતુ પાકિસ્તાને પણ પગલા લેવા પડશે. જમ્મુ કાશ્મીરમાં અંકુશરેખા પર બે ભારતીય જવાનોની હત્યાના અનુસંધાનમાં પાકિસ્તાનમાં હાઈ કમિશનર સલમાન બશિરના તાજેતરના સુચન અંગે ટિપ્પણી કરતા આ મુજબની વાત કરી હતી. બશિરે ટેલિવિઝન ઈન્ટરવ્યૂમાં એવા અહેવાલો રદિયો આપ્યો હતો કે ભારતીય સૈનિકનું માથુ કાપી નાંખવાનું કૃત્ય પાકિસ્તાની સેના દ્વારા કરવામાં આવ્યુ હતુ. ખુરશીદે કહ્યુ હતુ કે અંકુશરેખા પર પરિસ્થિતિ થોડાક દિવસ પહેલાની સરખામણીમાં વધુ સારી છે.

## સોના અને પ્લેટિનમ ઉપર આયાત ડ્યુટી ચાર ટકાથી વધારીને છ ટકા

નવી દિલ્હી, તા.૨૧

સરકારે સોના અને પ્લેટિનમ ઉપર આયાત ડ્યુટી ચાર ટકાથી વધારીને છ ટકા કરી દીધી છે. કિમતી ધાતુની આયાત પર અંકુશ મુકવાના હેતુસર આયાત ડ્યુટીમાં વધારો ઝીંકવામાં આવ્યો છે. રેકોર્ડ ગતિએ વધતી જતી વર્તમાન ખાતાકીય ખાધને અંકુશમાં લેવાના હેતુસર સરકારે આ મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. આયાત ડ્યુટીમાં વધારો તાત્કાલિક ધોરણે અમલી બનાવી દેવામાં આવ્યો છે. સરકારે ગોલ્ડ અને પ્લેટિનમ ઉપર આયાત ડ્યુટી ચાર ટકાથી વધારીને છ ટકા કરી દીધી છે. આર્થિક બાબતોના વિભાગના સચિવ અરવિંદ માયારામે પત્રકારો સાથે વાતચીતમાં આજે આ મુજબની વાત કરી હતી. તેમણે કહ્યુ હતુ કે સરકાર ગોલ્ડ એક્સચેન્જ ટ્રેડેડ ફંડ (ઈટીએફ)ને ગોલ્ડ ડિપોઝિટ સ્કીમ સાથે જોડી દેશે. ગોલ્ડ ડિપોઝિટ સ્કીમમાં ફેરફાર કરવા પાછળ કેટલાક હેતુ રહેલા છે. આનાથી ગોલ્ડ ડિપોઝિટ સ્કીમ હેઠળ બેંકોમાં સોનાની રકમ જમા કરાવવા વ્યક્તિગતોને આકર્ષિત કરવામાં મદદરૂપ થઈ શકશે. તેમણે ઉમેર્યુ હતુ કે આ ફેરફારથી સોનાની



આયાતમાં ઘટાડો થશે સાથે સાથે વર્તમાન ખાતાકીય ખાધને કાબૂમાં લેવામાં મદદ મળશે. અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૧૧-૧૨માં સરકારે ૫૬.૫ અબજ ડોલરની સોનાની આયાત કરી હતી. વર્તમાન નાણાંકીય વર્ષમાં ડિસેમ્બર સુધી ૩૮ અબજ ડોલરની કિંમતની સોનાની આયાત કરવામાં આવી છે.નાણાં મંત્રાલયના અધિકારીઓનું કહેવું છે કે જો સોનાની આયાતમાં હજુ પણ વધારો રહેશે તો ડ્યુટીની ફરીવાર સમીક્ષા કરવામાં આવશે.

## રેલવે યાત્રી ભાડામાં વધારો અમલી બન્યો

નવી દિલ્હી,તા. ૨૧

રેલવ યાત્રા આજથી વધુ મોંઘી બની ગઈ છે. તમામ યાત્રી ભાડામાં હાલમાં કરવામાં આવેલો વધારો આજથી અમલી બની ગયો છે. એક દશકમાં પ્રથમ વખત રેલવે યાત્રી ભાડામાં વધારાને અમલી બનાવવામાં આવ્યો છે જેથી આજથી રેલવે યાત્રા કરનાર લોકોને વધુ નાણાં ચૂકવવા પડશે. રેલવે પ્રધાન પવન કુમાર બંસલે ૧૦મી જાન્યુઆરીના દિવસે તમામ યાત્રી ભાડામાં વધારો ઝીંકી દીધો હતો. નાણાંકીય કટોકટીનો સામનો કરી રહેલા રેલવેને મુશ્કેલીમાંથી બહાર કાઢવા તથા તેને વધુ મજબૂત બનાવવાના હેતુસર ૧૦મી જાન્યુઆરીના દિવસે યાત્રી ભાડામાં વધારો કરવામાં આવ્યો હતો. આ ભાડામાં વધારો કરવામાં આવ્યા બાદ રેલવેને એક વર્ષમાં ૬૬૦૦ કરોડ રૂપિયાની આવક થશે. બજેટના એક મહિના પહેલા આ નિયમ અમલી બનાવી દેવામાં આવ્યો છે. આ વધારાની જાહેરાત કરતા પ્રધાને એમ પણ કહ્યું છે કે દરખાસ્તોથી ૩૧મી જાન્યુઆરી અને માર્ચ વચ્ચેના ગાળામાં ૧૨૦૦ કરોડની વધારાની આવક થશે. જો કે તેમણે નૂરના દરમાં કોઈ વધારો કરવાનો ઈન્કાર કર્યો હતો. ભાડામાં વધારાની સાથે જ સામાન્ય સેકન્ડ ક્લાસ (ઉપનગરી)એ યાત્રી ભાડામાં પ્રતિ કિલોમીટર ૨ પૈસાનો વધારો કર્યો છે જ્યારે બિનઉપનગરી પ્રવાસ માટે પ્રતિ કિલોમીટર ૩ પૈસાનો વધારો અમલી બનાવવામાં આવ્યો છે. સેકન્ડ ક્લાસ મેલ અને એક્સપ્રેસ ટ્રેનો દ્વારા યાત્રા પ્રતિ કિલોમીટર ચાર પૈસા વધુ મોંઘી બની ગઈ છે જ્યારે સ્લીપર ક્લાસમાં યાત્રા પ્રતિ કિલોમીટર છ પૈસા મોંઘી બની ગઈ છે. આવી જ રીતે એસી ચેર કાર અને એસી થ્રી ટ્રાયલમાં મુસાફરી કરતા યાત્રીઓને પ્રતિ કિલોમીટર ૧૦ પૈસા વધુ ચૂકવવા પડશે જ્યારે ફસ્ટક્લાસમાં મુસાફરી કરનારને પ્રતિ કિલોમીટર ત્રણ પૈસા, એસી ટુ ટાયરમાં મુસાફરી કરનારને પ્રતિ કિલોમીટર છ પૈસા અને એસી ફર્સ્ટ ક્લાસમાં યાત્રા કરનારને પ્રતિ કિલોમીટર ૧૦ પૈસા વધુ ચૂકવવા પડશે.

## દિલ્હી ગેંગ રેપ કેસમાં પાંચ આરોપીઓની ટ્રાયલમાં ૨૪મીથી સુનાવણી હાથ ધરાશે

નવી દિલ્હી, તા.૨૧

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં સુપ્રીમ કોર્ટે સમગ્ર દેશને હચમચાવી મુકનાર ૧૬મી ડિસેમ્બરનો ગેંગ રેપ અને હત્યા કેસમાં છ આરોપીઓ પૈકીના એકની અરજી પર આવતીકાલે સુનાવણી હાથ ધરવા સહમતિ દર્શાવી છે.દરમિયાન દિલ્હી ગેંગ રેપ કેસમાં પાંચ આરોપીઓની ટ્રાયલમાં ૨૪મી જાન્યુઆરીથી સુનાવણી હાથ ધરાશે. ખાસ અદાલત કેસમાં દરરોજના આધાર પર ટ્રાયલ હાથ ધરશે. દિલ્હીની બહાર ટ્રાયલને ખસેડી લેવાની માંગણી આરોપી પૈકીના એક દ્વારા કરવામાં આવી છે. ચીફ જસ્ટિસ અલ્તામસ કબીરના નેતૃત્વમાં બેંચે આજે જણાવ્યું હતુ કે આવતીકાલે આ મામલા પર સુનાવણી હાથ ધરવામાં આવશે. આરોપી મુકેશના વકીલે એવા આધાર પર તરત સુનાવણીની રજુઆત કરી હતી કે સ્વતંત્ર અને નિષ્પક્ષ સુનાવણી તેની સામે લોકોમાં જોરદાર રોષના કારણે શક્ય દેખાતી નથી. હત્યા, ગેંગ રેપ અને અમાનવીય ગુનાઓનો આરોપ ધરવતા મુકેશે પોતાની રજુઆતમાં જણાવ્યુ છે કે નિયમિતપણે આંદોલન, સામાન્ય લોકોમાં ભારે રોષ અને પોલીસ અને જ્યુડિશિયલ અધિકારીઓ પર તીવ્ર દબાણના




પરિણામ સ્વરૂપે નિષ્પક્ષ સુનાવણી યોગ્ય દેખાઈ રહી નથી. આંદોલનકારીઓની માંગ પણ વ્યાપકપણે આવી રહી છે જેથી આવી સ્થિતિમાં વાજબી સુનાવણી શક્ય દેખાતી નથી. દિલ્હીમાં દરરોજ અને દરેક ઘરમાં જોરદાર નારાજગી દેખાઈ રહી છે. જ્યુડિશિયલ અધિકારીઓ અને રાજ્ય પણ આ સંજોગોમાંથી બહાર નીકળી શક્યા નથી. આ તમામ કારણોસર દિલ્હીમાં નિષ્પક્ષ સુનાવણી શક્ય નથી. વકીલ મારફતે મુકેશ દ્વારા અરજી દાખલ કરવામાં આવી છે. આ કેસ ફાસ્ટ ટ્રેક કોર્ટમાં હાથ ધરવામાં આવનાર છે જ્યાં દરરોજની સુનાવણી શરૂ થઈ ચુકી છે. અરજીમાં જણાવાયુ છે કે મીડિયા અહેવાલ અને આંદોલનના કારણે તથા રાજકીય નિવેદનો તથા વ્યક્તિગત હિતોના પરિણામ સ્વરૂપે અરજીદાર સામે કામ કરવા વ્યાપક દબાણ થયેલુ છે. આરોપીએ ઉત્તરપ્રદેશમાં મથુરા ખાતે આ કેસને ખસેડી લેવાની માંગ કરી છે. અત્રે નોંધનીય છે કે દિલ્હીમાં ૧૬મી ડિસેમ્બરના દિવસે ચાલતી બસમાં પેરા મેડિકલની વિદ્યાર્થિની પર ગેંગ રેપ થયો હતો ત્યાર બાદ તેને ગંભીર હાલતમાં સફદરજંગ હોસ્પિટલમાં રાખવામાં આવી હતી. સફદરજંગ હોસ્પિટલમાંથી તેને વધુ સારવાર અર્થે સિંગાપોર હોસ્પિટલમાં લઈ જવાઈ હતી જ્યાં તેનું મોત થયુ હતુ. જેથી દેશભરમાં આક્રોશનું મોજુ ફરી વળ્યુ હતુ.

## જમ્મુ કાશ્મીરમાં આતંકવાદી ભડકો થવાની શક્યતા

નવી દિલ્હી,તા. ૨૧

જમ્મુ કાશ્મીર અને દેશના અન્ય ભાગોમાં આતંકવાદી હિંસામાં ફરી એકવાર ભડકો થવાની શક્યતા દેખાઈ રહી છે. જમ્મુ કાશ્મીરમાં સક્રિય આતંકવાદી સંગઠનો ફરી એકવાર નવા પડકારો ઊભા કરવાની તૈયારીમાં છે જેથી આગામી દિવસોમાં સુરક્ષા દળો માટે વધુ પડકારરૂપ સ્થિતિ ઊભી થઈ શકે છે. મળેલી માહિતી મુજબ જમ્મુ કાશ્મીરમાં ભારત માટે નવા પડકાર ઊભા થઈ રહ્યા છે. તોયબાના લીડર હફીઝ સઈદે રાજ્યમાં આતંકવાદી હિંસાને વધારવાની સ્પષ્ટ ચેતવણી આપી છે. લશ્કરે તોયાબાના કેમ્પોમાં ચાલી રહેલી પ્રવૃત્તિમાં વધારો થયો છે. પૂર્વ અફઘાનિસ્તાનોમાં તોયબાના કેમ્પો ફરી એકવાર શરૂ થઈ ચૂક્યા છે. પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરથી વધારે અંતર ઉપર નહીં એવા વિસ્તારમાં આ કેમ્પ શરૂ થયા છે. મળેલી માહિતી મુજબ લશ્કરે તોયબાના ટોચના લીડરો આ કેમ્પમાં હાજરી આપી રહ્યા છે. સઈદનું કહેવું છે કે આતંકવાદી હિંસા ફરી એકવાર જમ્મુમાં વધારવામાં આવનાર છે. વર્ષ ૨૦૧૪માં અફઘાનમાંથી અમેરિકી સેના ઘસી ગયા બાદ આ પ્રવૃત્તિને વધુ વેગ આપવામાં આવી શકે છે. સૂત્રોનું કહેવું છે કે પૂર્વીય અફઘાનિસ્તાનમાં લશ્કરે તોયબાના કેમ્પ તાલિબાન સાથે મળીને ચલાવવામાં આવી રહ્યા છે. હાલમાં અમેરિકા અને નાટો દળોના સામે લડી રહેલા તાલિબાન સાથે તોયબાના આતંકવાદીઓ સહકાર કરી રહ્યા છે. ભારત સામે પોતાની તાકાત પણ ઊભી કરવામાં આવી રહી છે. અંકુશ રેખાથી વધારે દૂર નહીં રહે તેવા વિસ્તારમાં લોન્ચિંગ પેડ પણ હાથ ધરવામાં આવનાર છે. કાશ્મીરમાં ઘૂસણખોરી માટે ઘણા આતંકવાદીઓ તૈયાર છે તેવા અહેવાલ પહેલાં પણ આવતા રહ્યા છે. બીજી બાજુ ગયા ડિસેમ્બર મહિનામાં પાકિસ્તાન પહોંચેલા કટ્ટરપંથી હુરિયત નેતાઓએ સઈદ અને યુનાઈટેડ જેહાદ કાઉન્સીલના લીડર સૈયદ સલાઉદ્દીન સાથે તેમની મિટીંગ અંગે કોઈ વાત કરી નથી. અંકુશ રેખા પર તાજેતરમાં જ ભારે તંગદિલી ફેલાઈ ગઈ હતી. વારંવાર યુદ્ધ વિરામનો ભંગ પાકિસ્તાન દ્વારા કરવામાં આવ્યો હતો. આવી સ્થિતિમાં ભારતે પાકિસ્તાનને કઠોર કાર્યવાહી કરવાની ચેતવણી પણ આપી હતી. લશ્કરની કોઈપણ હિલચાલ તંગદિલીને વધારી શકે છે. હુરિયતની યાત્રાથી ભારતમાં વધુ કેટલાક પ્રશ્નો ઊભા થઈ ગયા છે. જમ્મુ કાશ્મીરના મુદ્દે ભારત અને પાકિસ્તાન વચ્ચે વર્ષોથી ખેંચતાણ જ રહી છે. એક અગ્રણી અંગ્રેજી અખબારમાં જણાવાયું હતું કે લશ્કરી તોયબાના ત્રાસવાદીઓ નવા પડકારો ઊભા કરવા માટે તૈયાર છે.

## મોંઘેરા મોતી (પાના નં. ૪ નું ચાલુ)

હાલમાં અમારા ફોર્જીંગ યુનિયમાં ગોંડલ હાઈવે પર બાર એકર જમીનમાં ૧૫૦ કરોડ રૂપિયાનો પ્લાન્ટ શરૂ કરેલ છે. તાજેતરમાં જ મારા ઉપર તા. ૨૫-૪-૨૦૦૮ના રોજ મોટી આફત આવી પડી. મારો એકનો એક પુત્ર રવિનું અકાળે અવસાન થયું. એક હોનહાર દિકરો અમારી વચ્ચેથી જતો રહ્યો. તે અમારા કુટુંબ પર મોટામાં મોટી આફત આવી છતાં પણ હિંમત રાખી. સમયે આપ્યું તે કબુલ રાખી સમાજને પણ રાહ ચીંધવા જેવું પગલું ભર્યું. કોઈપણ જાતના કર્મકાંડ વગર, ક્રિયાઓ વગર ૧૧ લાખનું રાજકોટની કિડની હૉસ્પિટલ અનુદાન આપી. સંકલ્પ કર્યો કે, રવિ પાછળ ખૂબ જ સારા કામો કરશું અને સમાજને મદદરૂપ થશું. આ બાબતે રંજનબેન તેમજ સમગ્ર પરિવારનો ખૂબ જ સહયોગ મળે છે. અમુભાઈનો સાહસીક સ્વભાવ તેમજ 'યસ, આઈ કૅન ડૂ ઈટ' એવું સૂત્ર બહુ જ પસંદ છે. પોતાની ભૂલ કબૂલ કરવી મોટામાં મોટો પ્લસ પૉઈન્ટ, જેથી કરીને તે બ્રહ્માંડની નજીક છે. તેવી અનુભૂતિ થાય. કોઈપણ જગ્યાએ ફરજ નહીં ચૂકનાર દિકરાની અંતિમયાત્રા સમયે પણ તેના શબ્દો (તેને ફૂલથી ખૂબ જ શણગાર જો) કે પોતે એકપણ વસ્તુ ચલાવી લઈશ એમ નહીં. આ સમયે પણ આ વસ્તુ યાદ આવવી અને પોતાની દિકરા માટે બોલવું. એ કંઈ સહેલું ન હતું. પરંતુ તેના મનમાં વિચાર આવેલો કે, તેને કંઈ ઓછું ન આવે. મતલબ કે મારાથી કોઈને કાંઈ ઓછું ન આવે. ભગવાન જે પરિસ્થિતિ સામે લાવીને મૂકી તે પરિસ્થિતિમાં અડગ થઈને સામનો કરવો. એ તેનો સ્વભાવ હતો. અહીં બોલીને કે ઉદાહરણ આપીને નહીં પણ , વ્યાવહારિક રસ્તો ચીંધ્યો હતો.

તો શું આ પરિસ્થિતિમાં ભગવાન પણ આવી વ્યક્તિના દર્શન કરવા આવે જ ને. અને હા. ભગવાન પણ આવા વ્યક્તિત્વને મળવા આવ્યા હતા. 'રવિ પ્રાર્થના સભામાં' તેનું વર્ણન એ અલૌકિક પ્રસંગ હતો. તેનું વર્ણન કરવા નથી મારી પાસે શબ્દો કે નથી ચિત્રો મને લાગે છે કે, ભગવાન પાસે પણ કેમેરા નહીં હોય કે આ ચિત્રને ફોટામાં કેદ કરી શકે કે વર્ણન કરી શકે. મને લાગે છે કે, આવા વ્યક્તિત્વ પાસેથી ભગવાનને જો કામ લેવું હોય તો... કૃષ્ણ ભગવાન કેટલા વર્ષ જીવ્યા હતા? (૪૦૦ કે ૫૦૦) તેવી જ રીતે આ વ્યક્તિત્વ પાસેથી પણ બ્રહ્માંડ કામ લઈ શકશે. જો આ વ્યક્તિત્વ રોજ પંદર મિનિટ મૅડિટેશન કરશે તો!

તેના મગજમાં પોઝીટીવ વિચાર આવે એજ સૅકન્ડે તેના ઉપર કામ શરૂ થાય. તરત જ નિર્ણય લેવાય અને એ પણ પોઝીટીવ. મને લાગે છે રાત્રે ઊંઘમાં પણ ભગવાન એ જ મગજ પાસેથી ઘણા બધાં નિર્ણાયક કામ કરાવતો જ હશે.

પ્લસ પૉઈન્ટ **Time management out look. Inner look point to point.** વાત સમુદ્ર મંથન કરે. દરેક વાતે કોઈને કમીટમેન્ટ આપવું. એ પણ ચૂકવેલું ઉધાર છે. તેમશ્રી અમુલભાઈ માને છે. દિકરી અંજલી મુંબઈ સાસરે છે. ખૂબ જ સુખી છે. તેમણે એમ.સી.એ. સુધીનો અભ્યાસ કર્યો છે. ખૂબ જ પ્રેમાળ અને મિલનસાર છે.

અમારા કુટુંબના સુખ વિશે વાત કરું તો બધા ભાઈ-બહેનો, દિકરા-દિકરીઓ તેમજ નાના ભાઈઓની ધર્મપત્નીઓ એટલા લાગણીશીલ છે. અમારી ઈશ્વરને પ્રાર્થના છે કે, ઈશ્વર દરેક પરિવારમાં સુખ-શાંતિ, સમૃદ્ધિ આપે.

સંયોગ ઉપસ્થિત થાય અને દબાણ આવે ત્યારે અમુલભાઈને ક્રોધ આવે છે. તેમ લાગણીના પ્રસંગમાં રૂદનની અનુભૂતિ થાય છે. તેની પારિવારીક શક્તિ સમૃદ્ધ છે. ભાઈઓ જગદીશ, શાંતિ, રાજેશ ઉપરાંત સૌની ધર્મપત્નીઓ પૉઝીટીવ છે. અમુભાઈ કમ્પ્યુટર યુગને ઉપયોગી ગણે છે. ફાસ્ટ યુગ અનિવાર્ય છે. તેમને વાંચન, માટે બહુ ઓછો સમય મળે છે. ટીવી સીરીયલ ગમતી નથી. આસ્થા, બાધા, આખડી, તિરૂપતિ, જયપુર, આગ્રા, બેંગ્લોર, મદ્રાસના પ્રવાસ કર્યો છે. તો હેતુપૂર્વક બે વાર સિંગાપુર, બૅંગકૉક, જાપાન, ચાઈના, સ્વીડન, સ્વીસ અને જર્મની જઈ આવ્યા છે. બી.એમ. ડબલ્યુમાં તેમને સફર કરવી બેહદ પસંદ છે.

ઈશ્વર, ગુરૂ, ગ્રંથો પર તેઓ શ્રદ્ધા પૂર્વક અભિવ્યક્તિ કરે છે. પ્રતિષ્ઠા, પ્રદર્શન કે સામાજિક કુરૂઢિના ખંડન માટે દાખલો આપતા તેઓ કહે છે કે, મૃત્યુ પાછળ કોઈ ધાર્મિક ક્રિયા કરવી નહીં. જાહેર હોય કે ગુપ્ત, પણ દાન કરવામાં તેઓ મોખરે હોય છે. રોજિંદા ક્રમમાં વર્તમાનપત્રોમાંનું સારું વાંચી લે છે.

યુવાનોને તેઓ ચાહે છે. તેઓના માટે પ્રેરણ અવતરણ આપતા તેમ કહેલું કે, 'આત્મા વિશ્વાસ જીવન ઘડતરનો પાયો છે.'

અમુભાઈને ગાંધીજી બહુ જ પ્રિય છે. તેઓ માને છે કે 'ગાંધીજી તો ગાંધીજી હા. જગત તેને કયારેય નહીં ભૂલી શકે. તેઓ ઈચ્છે છે કે, 'મને લોકો પૈસાદાર તરીકે નહીં પણ દિલથી યાદ કરે. લોકોની જીભ પર મારૂં નામ રમતું રહે.'

તેમને તેમના સ્મરણો આજેય તાજા થાય છે. તેઓ એકવાર દરિયા કાંઠે કુદરતન ભરપૂર આનંદ લઈ રહ્યાં છે. લોંગ જંપ કરવા ગયા. ત્યાં તો જમણો પગ સાથળથી લટકી ગયો અને ચાર મહિના પથારીમાં પડી રહેલાં. વધુમાં, સામાજિક ક્ષેત્રે કામ કરવાની વાત કરીએ તો ગુર્જર સુતાર સમાજમાં ઑલ ઈન્ડિયામાં મિત્રો સાથે ફરીને શિક્ષણ વિશે ખૂબ જ સહાય કરીને સમાજને આગળ વધવાની હિંમત આપે છે અને એક નવું ગ્રુપ બનાવીને તેમણે રાજકોટમાં એક ગુર્જર સુતાર કન્યા છાત્રાલયનું સ્વપ્ન હતું તે પણ પૂરૂં કરેલ અને સારા મિત્રોને ટ્રસ્ટી બનાવીને કન્યા છાત્રાલયનું બિલ્ડિંગ પણ લેવાઈ ગયું. તેઓ આનંદ સૌને છે.

તેમને પોતાની જ્ઞાતિ પ્રત્યે અપાર લાગણી છે અને કોઈ દીકરો કે દીકરી ભણીને હોંશિયાર થાય. જૂના રૂઢિચુસ્ત રીવાજો છોડી આગળ આવે તેની તેઓને ખુશી ઘણી થાય છે. સર્વ જ્ઞાતિએ અમારા ગ્રુપ ઉપર ભરોસો રાખી અમને ઉદાર હાથે સહાય પણ કરેલી છે. અને તેમાં ઉમેરો કરીને અમે ઘણાં ઉમદા કાર્ય કરીશું અને કરતાં રહીશું. મિત્ર - સર્કલ અને કુટુંબ ખૂબ જ પોઝીટીવ છે. તે તેઓનો પ્લસ પોઈન્ટ છે અને શક્તિમાં વધારો કરે છે અને સારા વિચાર આપે છે. જિંદગી હંમેશા જુસ્સાથી જીતાય છે, જુગારથી નહીં. કહેવાનો સાર એટલો જ કે માણસ પાસે ખેતીવાડી નથી, શૅરબજારની કોઈ લૉટરી નતી, તે સિવાય જમીન-મકાનની કોઈ આવક નથી, કયારે પણ કોઈ સટ્ટો નથી, સમજી શકે છે. તે પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી. આજે ૧૫૦૦ (એક હજાર પાંચસો) માણસોને તેમના દ્વારા રોજી મળે છે. એમનું મુખ્ય સૂત્ર 'માનવ ધર્મ અને માનવ સેવાથી કોઈ ધર્મ મોટો નથી.'

## સમાચાર ઝલક

- **સિરીયામાં વિદ્રોહના આરંભથી અત્યાર સુધી ૬૦,૦૦૦ કરતાં વધારે વ્યક્તિઓ મોતના શરણે ગયા છે : સંયુક્ત રાષ્ટ્રસંઘનો અહેવાલ.**
- **ઓનલાઇન સેવામાં વિલંબ કર્યો તો કર્મચારીને શિક્ષા થશે.**
- **મૌસમ બેઇમાન..! બ્રિટનમાં સ્નો ફોલ, ઓસ્ટ્રેલિયામાં ભીષણ ગરમી.., ભારતમાં વરસાદ!**
- **ગાંધીનગર, અમદાવાદ, રાજકોટમાં જ એક જ પધ્ધતિએ ટાબરિયાઓ લગ્ન પ્રસંગોમાં ઉઠાંતરી કરી.**
- **સમાજનું વરવું સ્વરૂપ રજૂ કરતો કિસ્સો : બસમાં મહિલાની છેડતી કરતા યુવાનોને અટકાવતાં કંડકટર પર હુમલો.**
- **મુંબઇમાં હાફુસ કેરીનું આગમન, માર્ચથી બજાર ઉભરાશે.**
- **મુકેશ અંબાણીની ટેકનોલોજી છલાંગ, જૂનમાં ૪-જી સેવા શરૂ કરશે.**
- **શાહરૂખખાનની તબિયત નાદુરસ્ત, ખભાની સારવાર કરાવશે.**
- **ઝારખંડ સરકાર દ્વારા મહેન્દ્રસિંહ ધોનીના જીવન પરનું પુસ્તક શાળા અને અભ્યાસક્રમમાં શરૂ કરાયું.**
- **૨૬મી જાન્યુઆરીએ છેલ્લો એપિસોડ કે.બી.સી. ગેમ શો પ્રસંગે અમિતાભ બચ્ચન ભાવનાશીલ.**
- **સંતુલિત ડાયેર આરોગ્ય માટે ખુબ જ મહત્ત્વપૂર્ણ છે.**
- **૧૯૭૧ના પાકિસ્તાન સાથેનાં યુધ્ધમાં બીન સૈનિક તરીકે ભાગ ભજવનાર રણછોડભાઇ પગીનું ૧૦૧ વર્ષની ઉંમરે અવસાન, રાજકીય નેતાઓ ફરક્યા નહીં.**
- **અન્નાની દિલ્હી ખાતેની ઓફિસ બંધ.**
- **સલમાનખાન સાથે એક ચેનલ દ્વારા રૂા. ૫૦૦ કરોડનો કરાર કર્યા.**